**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ.**
**વિકલ્પ કેમ્પ અને વધ-ઘટ કેમ્પ નવેસરથી કરવા બાબતે તા. ૨૭-૦૫-૨૦૧૭ ના રોજ વર્તમાનપત્રમાં આપેલ જાહેરખબર સંદર્ભે સૂચનાઓ.**

**(અ) પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતાં અને તાલીમી લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ( ધો. ૬ થી ૮ ) માં સમાવવા બાબત.**

(૧) શિક્ષણ વિભાગનાં તથા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનાં નીચે જણાવેલ આદેશ અને પરિપત્ર ધ્યાને લેવાના રહેશે.

- શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૩/ક - તા. ૧૯-૦૨-૨૦૧૪.
- શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૭/ સીંફા- ૧૪/ ક - તા. ૦૨-૦૫-૨૦૧૭.
- પ્રા.શિ. નિયામકશ્રીનાં પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ પ્રતિનિયુક્તિ/ ૨૦૧૬૧૭/ ૩૬૬૨-૩૭૧૩- તા. ૦૩-૦૫-૨૦૧૭.

(૨) જૂન - ૨૦૧૦ પહેલાં રાજ્યમાં ધો. ૧ થી ૭ નું પ્રાથમિક શિક્ષણ હતું. તે સમયે ભરતી થયેલા પ્રા.શિક્ષકો / વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવાં તાલીમી લાયકાત ધરાવતા પ્રા.શિક્ષકો / વિદ્યાસહાયકોએ અત્રેની શિક્ષણ સમિતિનાં પરિપત્ર નં. ૭/ તા. ૧૮-૦૪-૨૦૧૭ થી વિકલ્પ સ્વીકારનું સંમતિપત્રક મુખ્ય ઓફીસ, એસ્ટા. વિભાગમાં જમા કરાવેલ છે તેવા પ્રા.શિક્ષકો / વિદ્યાસહાયકોએ નવેસરથી કરવાનો થતો વિકલ્પ કેમ્પમાં અચૂક હાજર રહેવાનું રહેશે. ( તા. ૦૨-૦૫-૨૦૧૭ નો વિકલ્પ કેમ્પ રદ ગણવો. )

(૩) જે શિક્ષકોને તથા સી.આર.સી./ યુ.આર.સી. કો-ઓર્ડી.ને માતૃશાળાનાં બદલે અન્ય શાળામાં સમાવવાની ફરજ પડી છે. તેઓને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવાનાં વિકલ્પ અંગેનાં યોજાનાર કેમ્પમાં માતૃશાળામાં જો જગ્યા ખાલી હોય તો ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવાનો લાભ પ્રા.શિક્ષણ નિયામકશ્રીનાં તા. ૦૩-૦૫-૨૦૧૭ ના પત્ર મુજબ આપવાનો રહે છે.

(૪) એપ્રિલ - ૨૦૧૭ માં યોજાયેલ બી.આર.સી. / સી.આર.સી. / યુ.આર.સી. કેમ્પ અને વધ-ઘટનાં કેમ્પથી માતૃશાળાનાં બદલે અન્ય શાળા / પગારકેન્દ્ર (ઝોન) માં સમાવાયેલાં શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો. ૬ થી ૮) ના વિકલ્પ કેમ્પમાં તેઓની અગાઉની માતૃશાળાની શ્રેયાનતા ( સિનીયોરીટી ) ગણીને શિક્ષણ વિભાગનાં તા. ૧૯-૦૨-૨૦૧૪ ના ઠરાવની શરત ક્રમાંક- (૪) મુજબની કાર્યવાહી કરવાની રહે છે.

(૫) ઉપલબ્ધ ખાલી જગાઓમાંથી શાળા પસંદગી કરવાની તક આપવામાં આવશે. જો આ કેમ્પમાં પ્રા.શિક્ષક / વિદ્યાસહાયક / યુ.આર.સી. / સી.આર.સી. કો-ઓર્ડી. હાજર નહિં રહે તો શાળા પસંદગીનો તથા વિકલ્પ પસંદગીનો હક્ક રહેશે નહિં. જેની નોંધ લેવી.

| | | |
|---|---|---|
| કેમ્પની તારીખ | :- | તા. ૩૦-૦૫-૨૦૧૭. |
| કેમ્પનો સમય | :- | સવારે ૧૧:૦૦ કલાકે. |
| કેમ્પનું સ્થળ | :- | મુખ્ય ઓફીસ, એલીસબ્રીજ શાળા નં. ૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ, નવરંગપુરા, અમદાવાદ. |

તા. ૨૬-૦૫-૨૦૧૭

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી
ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ.

(બ) **પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનાં તા. ૦૩-૦૫-૨૦૧૭ નાં પત્રક્રમાંકઃ પ્રાશિનિ /નીતિ / પ્રતિનિયુક્તિ/ ૨૦૧૬-૧૭/ ૩૬૬૨-૩૭૧૩ ના પત્રથી નવેસરથી વધ-ઘટનો કેમ્પ કરવાની સૂચના છે. ( અગાઉનો તા. ૦૬-૦૪-૨૦૧૫ ના રોજ કરેલ વધ-ઘટ કેમ્પ રદ ગણી નવેસરથી વધ-ઘટનો કેમ્પ કરવાનો રહે છે. )**

(૧) શિક્ષણ વિભાગનાં તથા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનાં નીચે જણાવેલ આદેશ અને પરિપત્ર ધ્યાને લેવાના રહેશે.

- શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૬/ ક ના પ્રકરણ (ખ) વધની બદલીઓ અંગે નિયત થયેલ જોગવાઈઓ તથા વખતોવખત થયેલ સુધારા વધારા સાથેના સૂચનો.
- શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૭/ સી ફા- ૧૪/ ક - તા. ૦૨-૦૫-૨૦૧૭.
- પ્રા.શિ. નિયામકશ્રીનાં પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ પ્રતિનિયુક્તિ/ ૨૦૧૬૧૭/ ૩૬૬૨-૩૭૧૩- તા. ૦૩-૦૫-૨૦૧૭.

(૨) તા. ૦૬-૦૪-૨૦૧૭ ના રોજ યોજાયેલ કેમ્પથી વધમાં બદલી થયેલ હોય તેવા તથા ખાલી જગા અભાવે સમાવવાનાં બાકી રહેલા હોય તેવા તમામ વધના શિક્ષકોએ નવેસરથી કરવાનો થતો વધ-ઘટ બદલી કેમ્પમાં અચૂક હાજર રહેવાનું રહેશે.

(૩) નવેસરથી કરવાનો થતો વધ-ઘટ બદલી કેમ્પમાં ઉપલબ્ધ ખાલી જગાઓમાંથી શાળા પસંદગી કરવાની તક આપવામાં આવશે. જો આ કેમ્પમાં પ્રા.શિક્ષક / વિદ્યાસહાયક / ઉચ્ચ પ્રા. શિક્ષક ગેરહાજર રહેશે તો સ્થળ પસંદગીનો વિકલ્પ સ્વીકારવા માંગતા નથી તેમ માનીને તમારી જે શાળામાં બદલી હુકમ કરવામાં આવે તે શાળામાં ફરજિયાત હાજર થવાનું રહેશે. જેની નોંધ લેશો.

(૪) તા. ૦૬-૦૪-૨૦૧૭ ના રોજ યોજાયેલ કેમ્પથી વધમાં બદલી થયેલ હોય તેવા તથા ખાલી જગાના અભાવે સમાવવામાં બાકી રહેલા હોય તેવા તમામ વધનાં ( ધો. ૧ થી ૫ / ધો. ૬ થી ૮ ના ) શિક્ષકોએ તા. ૩૧-૦૫-૨૦૧૭ ના રોજ નિવૃત્ત થતા તથા ઉચ્ચ પ્રાથમિક વિભાગનો વિકલ્પ આપનાર પ્રા.વિભાગનાં શિક્ષકોની ખાલી જગા પડતા હવે વધમાં ઉપડતા ના હોય તેવા શિક્ષકોએ જે-તે બીટ સુપરવાઈઝરને મળીને રૂબરૂમાં ખાત્રી કરી લેવી.

(૫) તા. ૦૬-૦૪-૨૦૧૭ ના રોજ યોજાયેલ કેમ્પથી વધમાં બદલી થયેલ હોય તેવા તથા ખાલી જગાનાં અભાવે સમાવવાનાં બાકી રહેલા તમામ વધનાં શિક્ષકોને તેમજ તા. ૦૩-૦૪-૨૦૧૭ ના રોજ યોજાયેલ સી.આર.સી. / યુ.આર.સી. ના કેમ્પની કાર્યવાહી દરમ્યાન ખાલી જગાના અભાવે સમાવવાનાં બાકી રહી ગયેલ કો.ઓર્ડી. ને તા. ૦૬-૦૪-૨૦૧૭ ના રોજ યોજાયેલ કેમ્પ પહેલાંની એટલે કે તેઓની માતૃશાળાની શ્રેયાનતા ( સિનીયોરીટી ) ગણવાની રહે છે.

| | | |
|---|---|---|
| કેમ્પની તારીખ | :- | તા. ૦૧-૦૬-૨૦૧૭. |
| કેમ્પનો સમય | :- | સવારે ૧૧:૦૦ કલાકે. |
| કેમ્પનું સ્થળ | :- | સ્કાઉટ ભવન, પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસે, પાલડી, અમદાવાદ-૦૭ |

નોંધ :- પરિપત્ર નં. ૮/તા. ૧૯-૦૪-૨૦૧૭ મુજબની શાળાઓનું અમલીકરણ નવા શૈક્ષણિક સત્રથી કરવાનું હોવાથી વિકલ્પ કેમ્પ અને વધ-ઘટ બદલે કેમ્પ શાળા ખૂલે તે પહેલાં રાખેલ છે.

તા. ૨૬-૦૫-૨૦૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી
ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ.

Urgent/Court Matter

ક્રમાંક: પ્રાશિની/નીતિ/પ્રતિનિયુક્તિ/૨૦૧૬-૧૭/ 3552-3923
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૩/૫/૨૦૧૭

પ્રતિ,

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા (પંચાયત) શિક્ષણ સમિતિ, તમામ
શાસનાઅધિકારી, મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ,

વિષય: આગામી ઉચ્ચ પ્રાથમિક વિભાગના કેમ્પ તથા નવેસરથી વધઘટનાં કેમ્પ બાબત
સંદર્ભ: SCA ૭૨૩૦/૧૭ અને અન્ય સમાન કેસોમાં આવેલ તા.૨૧/૪/૨૦૧૭ અને તા.૨૪/૪/૧૭નાં રોજનાં ઓરલ હુકમોની અમલવારી અંગે શિક્ષણ વિભાગનાં તા.૨/૫/૨૦૧૭નો મંજૂરીનો પત્ર.

આ સાથે સામેલ શિક્ષણ વિભાગનાં સંદર્ભ પત્રથી મળેલ મંજુરીનાં પત્ર તા.૨/૫/૨૦૧૭માં જણાવવામાં આવેલ સુચના નંબર-૧. ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮)માં જવા માટેનો વિકલ્પ કેમ્પ યોજવા અંગે અને સુચના નંબર-૨. નવેસરથી યોજાનાર વધઘટનો કેમ્પ યોજવા અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવા આથી આપને જણાવવામાં આવે છે.

શિક્ષણ વિભાગના ઠરાવ તા.૧૯/૨/૨૦૧૪ની જોગવાઈ અનુસાર ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮)માં જવા માટે ૧-એપ્રિલ થી ૩૦-એપ્રિલ સુધી વિકલ્પ આપવાની જોગવાઈ કરેલ છે. પરંતુ શિક્ષણ વિભાગનાં ઉક્ત સંદર્ભ પત્રથી મળેલ મંજુરી અનુસાર કો-ઓર્ડીનેટરસને માતૃશાળાનો વિકલ્પનો લાભ આપવા અંગે તા.૬/૫/૨૦૧૭ સુધીની તક આપી આ દરમ્યાન તેઓનાં વિકલ્પ મેળવીને તા.૧૦/૫/૨૦૧૭ સુધીમાં વિકલ્પ કેમ્પની કાર્યવાહી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

શિક્ષણ વિભાગના સંદર્ભ પત્રથી મળેલ મંજુરી અનુસંધાને કરવાનો થતો નવેસરથી વધઘટનાં કેમ્પની કાર્યવાહી જુન મહિનાના પ્રથમ અઠવાડિયામાં પૂર્ણ કરવાની રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

બિડાણ:
૧. શિક્ષણ વિભાગનાં તા.૨/૫/૨૦૧૭નો મંજૂરીનો પત્ર.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯-૨૩૨ -૫૧૩૪૩, ફેક્સ નં. ૦૭૯-૨૩૨ -૫૧૩૨૫

પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/સીંફા-૧૪/ક
તારીખઃ ૦૨/૦૫/૨૦૧૭

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨,
ગાંધીનગર,

વિષયઃ- પ્રાથમિક શિક્ષકોને સમાવવા વધઘટનો બદલી કેમ્પ યોજવા બાબત.
સંદર્ભ :- આપની કચેરીની સીંગલ ફાઈલ નં. પ્રાશિનિ/નીતિ/સીંગલ ફાઇલ/૨૦૧૭/ક/૧૫, તા. ૧૯/૦૪/૨૦૧૭.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેની આપની કચેરીની તારીખ ૧૯/૦૪/૨૦૧૭ની સીંગલ ફાઇલ નં. પ્રાશિનિ/નીતિ/સીંગલ ફાઇલ/૨૦૧૭/ક/૧૫થી કરેલ દરખાસ્તના અનુસંધાને જણાવવાનું કે દરખાસ્તમાં આપેલ વિગતો મુજબ નામ. વડી અદાલતના સ્પે. સી. એ. નંબર ૭૨૩૦/૨૦૧૭ અને તેની સાથેની ગ્રુપ મેટર્સમાં નામ. ગુજરાત હાઇકોર્ટે આપેલ તા.૨૧/૪/૨૦૧૭ના અને તા.૨૪/૪/૨૦૧૭ના ઓરલ ઓર્ડરોમાંના આદેશો મુજબ રાજ્ય સરકારે નીચે મુજબ કાર્યવાહી કરવાની થાય છેઃ

(૧) જે શિક્ષકોને માતૃશાળાના બદલે અન્ય શાળામાં સમાવવાની ફરજ પડી છે તેઓને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવાના વિકલ્પ અંગેના મે-૨૦૧૭માં યોજાનાર કેમ્પમાં માતૃશાળામાં જો જગ્યા ખાલી હોય તો ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવાનો લાભ આપવાનો રહેશે.

(૨) કો-ઓર્ડીનેટરને શિક્ષક તરીકે સમિતિએ સ્વીકાર્યા બાદ પણ ખાલી જગ્યાના અભાવે શાળા ફાળવી શકાઇ ન હોય તેવા વધના શિક્ષકોને હવે પછીના વધઘટના કેમ્પમાં બોલાવવાના રહેશે અને માતૃશાળાનો લાભ આપવાનો રહેશે.

(૩) વધુમાં, ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવાનો કેમ્પ તથા બીજા વધઘટના કેમ્પથી મળવાપાત્ર લાભ અંગે શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/કર૧૦૬૫/કની શરત નંબર (૩) લાગુ પડશે નહીં.

(૪) નામ. ગુજરાત હાઇકોર્ટે ઓરલ ઓર્ડરમાં કરેલ ઉલ્લેખ અનુસાર માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ (જુન-૨૦૧૬ થી મે-૨૦૧૭) માટે અન્ય કોઈ કેસમાં પૂર્વદ્રષ્ટાંત ન લેવાની શરતે ઓરલ ઓર્ડરની અમલવારી કરવાની રહેશે.

૨. ઉપર જણાવેલી વિગતો અને નામ. વડી અદાલતના સ્પે. સી. એ. નંબર ૭૨૩૦/૨૦૧૭ અને તેની સાથેની ગ્રુપ મેટર્સમાં નામ. ગુજરાત હાઇકોર્ટે આપેલ તા.૨૧/૪/૨૦૧૭ના અને તા.૨૪/૪/૨૦૧૭ના ઓરલ ઓર્ડરો અનુસાર માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ (જુન-૨૦૧૬ થી મે-૨૦૧૭) માટે અન્ય કોઈ કેસમાં પૂર્વદ્રષ્ટાંત ન લેવાની શરતે નીચે જણાવ્યા મુજબની અમલવારી કરવાની આથી મંજુરી આપવામાં આવે છેઃ

૧. <u>ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮)માં જવા માટેનો વિકલ્પ કેમ્પ યોજવા બાબતઃ</u>

૧.૧ ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮)ના વિકલ્પ કેમ્પ યોજવાની કાર્યવાહી માટે શિક્ષણ વિભાગના તા.૧૯/૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧/૨૦૧૨/ ૫૨૦૩૬/કની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરી નિયમોનુસાર મળવાપાત્ર લાભ આપવાનો રહેશે.

૧.૨ ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮)માં ફરજ બજાવતા શિક્ષકો કે જેઓ તારીખ ૩૧/૫/૨૦૧૭ના રોજ નિવૃત થનાર છે તેઓની સંભવિત ખાલી પડતી જ્ગ્યાઓને પણ ઉચ્ચ પ્રાથમિક વિભાગના વિકલ્પ કેમ્પમાં દર્શાવવાની રહેશે.

૧.૩ એપ્રિલ-૨૦૧૭માં યોજાયેલ બી.આર.સી./સી.આર.સી. કેમ્પ અને વધ-ઘટનાં કેમ્પથી માતૃશાળાના બદલે અન્ય શાળા/પગારકેન્દ્ર/તાલુકામાં સમાવાયેલા શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮)ના વિકલ્પ કેમ્પમાં તેઓની અગાઉની માતૃશાળાની શ્રેયાનતા (સિનીયોરીટી) ગણીને શિક્ષણ વિભાગના તારીખ ૧૯/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/કની શરત ક્રમાંકઃ (૪) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૨. <u>નવેસરથી વધઘટનો કેમ્પ યોજવા બાબતઃ</u>

૨.૧ વધઘટ બદલી કેમ્પ નવેસરથી કરવાનો રહેશે અને આ કેમ્પની કાર્યવાહી માટે શિક્ષણ વિભાગના તારીખ ૨૩/૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૬/કના પ્રકરણ-(ખ)-વધની બદલીઓ અંગે નિયત થયેલ જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨.૨. નવેસરથી કરવાના થતા વધઘટ કેમ્પમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮)માં ફરજ બજાવતા શિક્ષકો કે જેઓ તારીખ ૩૧/૫/૨૦૧૭ના રોજ નિવૃત થનાર છે તેઓની ખાલી પડતી જગ્યાઓ કેમ્પમાં બતાવવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮)નો વિકલ્પ આપનાર પ્રાથમિક વિભાગ (ધો.૧ થી ૫)ના શિક્ષકોની ખાલી પડનાર જગ્યાઓને પણ કેમ્પમાં દર્શાવવાની રહેશે.

૨.3 તારીખ ૬/૪/૨૦૧૭ના રોજ યોજાયેલ કેમ્પથી વધમાં બદલી થયેલ હોય તેવા તથા ખાલી જગ્યાના અભાવે સમાવવાના બાકી રહેલા હોય તેવા તમામ વધના શિક્ષકોને તેમજ તારીખ ૩/૪/૨૦૧૭ના રોજ યોજાયેલ બી.આર.સી./સી.આર.સી.ના કેમ્પની કાર્યવાહી દરમ્યાન ખાલી જગ્યાના અભાવે સમાવવાના બાકી રહી ગયા હોય તેવા કો-ઓર્ડીનેટરોને તારીખ ૬/૪/૨૦૧૭ના રોજ યોજાયેલ કેમ્પ પહેલાંની એટલે કે તેઓની માતૃશાળાની શ્રેયાનતા (સિનીયોરીટી) ગણવાની રહેશે.

3. નામ .ગુજરાત હાઇકોર્ટના આદેશ અનુસાર જે BRC/CRCને તારીખ 03/0૪/૨૦૧૭ ના કેમ્પમાં સમાવવામાં આવેલ હતા તેઓને સૂચિત વધ-ઘટના કેમ્પમાં બદલીની પુનઃ તક આપવાની રહેશે નહીં તથા તેઓને નવેસરથી ખાલી પડેલી જગ્યાનો લાભ આપવાનો રહેશે નહીં.

૪. આ સૂચનાઓનો અમલ તમામ જીલ્લા શિક્ષણ સમિતિએ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ સમાન રીતે કરવાનો રહેશે અને સૂચનાઓની અમલવારી અંગે તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ પાઠવવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

(વિ. ટી.મંડોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ